૪૯૬૪

જડેશ્વરનું વર્ણન.

દંતકથા ઉપરથી

તથા

સંશોધન કરી

છપાવી પ્રસિદ્ધ કરનાર

આર્યહિતોપદેશ સભા.

વાંકાનેર—કાઠિયાવાડ

અમદાવાદમાં

"રાજનગર પ્રિન્ટીંગ પ્રેસ"માં શા.

મગનલાલ હઠીસંગે છાપ્યું.

સંવત ૧૯૪૭—સને ૧૮૯૧

કિંમત રૂ૦-૨-૦

આ પુસ્તકની અગાઉથી સો સો નકલો અખંડ પ્રૌઢ પ્રતાપ ધર્માત્મા.ગૌ બ્રાહ્મણ પ્રતિપાલ જામબા સાહેબ તરફથી તથા મોટી બા. મોરબીવાળાં તથા મોતીસરી ગવરીદડ વાળાં બા વિગેરે તરફથી ઘણોજ આશ્રય મળેલ છે તેમનો ઘણોજ આભાર માનું છું.

ભાઈશંકર પ્રાગજીભાઈ.

અર્પણ પત્રિકા.

આઝમ મેહેરબાન રાવ બહાદુર
ગણપતરાવ નારાયણરાવ લાડ
સ્ટેટકારભારી સાહેબ.
સ્વસ્થાન વાંકાનેર.

સાહેબ.

આપ નામદાર સાહેબની આ સ્ટેટમાં નિમનોક થતાં આપે કરેલાં પ્રજાપયોગી કામો તથા જન સૂખાર્થે લીધેલા શ્રમ તથા આપનો ઉજવલીત કારભાર તથા આપની ધર્મપર ઘણીજ આસ્થા જોઈને આ લઘુ પુસ્તક અર્પણ કરૂં છું તે સ્વીકારશો.

તા. ૧—૮—૯૧

સેવક.
ભા. પ્રા. પંચોળી.

જડેશ્વરનું વર્ણન.

દુહા.

જડીઓ જંગલમાં વસે, ઘોડાનો દાતાર;
તૂઠયો રાવળ જામને, હાંકી દીધો હાલાર.

અરણી ટીંબામાં એક સોની રહેતો હતો, તેને એક ગાય હતી, તે ભરવાડને ચારવા આપેલી હતી, ભરવાડ રોજ ગાયો જંગલમાં ચારવા લઇ જતો. કેટલેક દહાડે સોનીની ગાય વિઆણી. તે દિવસે સવારે એકજ વખતે દોહોવા દે. રાત્રિએ જંગલમાં ચરી આવી દોહોવા ન દે. સોનીએ તે બાબતનાં જાદુમંત્ર. પુછગાછ, કામણ દુમણ. વિગેરે ઘણા ઉપાય કર્યા પણ ગાય દુધ દોહોવા દે નહીં. તેથી તેને ભરવાડ ઉપર શક ગયો, ને તેની સાથે ટંટો કર્યો. ભરવાડે તે બાબત સાફ ના પાડી કારણ કે તે નિર્દોષ હતો. ને તે બાબતમાં ખરૂં કારણ શું છે તેની ખાતરી કરવાને મંડયો. ઘણા દિવસ તપાસ રાખતાં તે ભરવાડે જોયું કે સોનીની ગાય આ ટેકરા ઉપર જ્યાં ખાડો હતો ત્યાં તે ખાડા ઉપર આવી ઉભી રહીને તેના ચારે આંચળમાંથી દુધની શેડો નિકળી તે ખાડામાં પડી આઉ ખાલી થયું એટલે ગાય ચાલી ગઇ. ભરવાડે એ પ્રમાણે બે ચાર દિવસ સુધી જોઇને પક્કી ખાતરી કરી ને પછી સોની પાસે જઇને કહ્યું કે બાઇ તારી ગાયના દુધનો ચોર હું નથી પણ એ ગાય પોતેજ છે

જો તું મારી સાથે આવે તો હું તને ખાતરી કરી આપીશ. સોની તે ભરવાડની સાથે ગયો, ને જોયું તો હમેશની વખતે ગાય તે ખાડા ઉપર આવી ઉભી ને આંચળમાંથી દુધ નિકળ્યું તે બધુ દુધ ખાડામાં પડયું, તે સોનીએ બરાબર જોયું. ને સોનીને પણ ખાતરી થઇ ત્યારે સોનીને માલુમ પડયું કે આ કોઈ ચમત્કારી જગ્યા છે તેથી નિત્ય સાંજ સવાર તે ખાડાની પુંજા કરવા આવતો. તેને ભરવાડે એક દિવસ પુછ્યુ કે તમે પુજા કરવા આવો છો તેનું કારણ શું? સોનીએ કહ્યું કે આંહી કોઈ ચમત્કારી દેવનું સ્થાન જણાય છે તેથી ભરવાડને એ વાતની દ્રઢતા બંધાઇ ને એ દેવ ઉપર કમળ પુજા (મરવા) તૈયાર થયો. બીજે દિવસે મધ્યાને નાહી ધોઇ સ્વચ્છ થઇને એ ખાડા આગળ બેસી પોતાને હાથે તલવાર વતી પોતાનું માથું કાપી નાંખ્યું, તે માથું ખાડામાં જઇ પડયું, ઘણે દિવસે તે માથા ઉપર અરણીનું ઝાડ ઉગ્યું તે ભરવાડ શિવજીની કૃપાથી જામનગરમાં રાવળ જામને અવતાર થયો. તેને માથું દુઃખવા બહુ આવતું ને જ્યારે પવનનું જોર વિશેષ જણાવે ત્યારે માથાનું દરદ બહુ થતું. ઓસડ વેષડ તથા મંત્ર, જંત્ર, તથા ટાચક ટુચક કરવામાં કાંઇ પણ ખામી રાખી નહીં. પણ દરદનું જોર નરમ પડયું નહીં. વિદ્વાન જોશીઓ તથા બીજા ભવિષ્યવાદીઓને એકઠા કર્યા. પણ કાંઇ આરામ થયો નહીં. ઘણી તપાસ કરતાં માલમ પડયું કે ધરોળમાં સારસ્વત બ્રાહ્મણ પંડ્યુ ભટ કરીને રહે છે તે ત્રિકાળદર્શી છે. તેથી તેને તેડવાને માણુસો મોકલ્યાં. માણુસો ધરોળ

આવી તે ત્રિકાળદર્શીને ઘેર આવી વાતચીત કરીને સવારે જવાનું ઠરાવ્યું. રાત્રિએ માણસો ઓસરીમાં સુતા ને ધણી ધણીયાણી ઓરડામાં સુતાં. ઓરડામાં જે વાતો થાય તે ઓશરીમાં સુતેલા માણસો સાંભળતાં હતાં. બ્રાહ્મણો પોતાની સ્રીને કહ્યું. કાલે હું નવાનગર જઇશ ને તેનું કારણ કહ્યું સ્રીએ કહ્યું. ત્યાં કેટલા દિવશ રેહેવાનું થશે તો કહ્યું કે, આશરે પંદરેક દાહાડા થશે, એ સાંભળી બ્રાહ્મણી બોલી. ત્યારે રોજનાં પાંચ ખાસડાં લેખે પંદર દિવસનાં પંચોતેર ખાસડા ગારવા ચો. તે પ્રમાણે સ્રીએ પંચોતેર જોડા માર્યા.

ઉપરની હકીકત જોઇને નગરથી આવેલા માણસો તો વિસ્મય પામ્યાં, ને ચકીત થઈ ગયા. ને વિચાર કરવા લાગ્યા કે બ્રાહ્મણ રાંડના હાથના જોડાનો માર ખાય છે તે જામનું શું ભલું કરશે. પણ રાજા છે, તે વેહેમે ચડ્યા છે તો આપણે નહીં તેડી જઈએ તો આપણા ઉપર ગુસ્સે થશે એમ વિચારી સવારે ત્રિકાળદર્શીને રથમાં બેસાડીને નગર લઇ ગયા. જામરાવળે તેનો ઘણો આદર સત્કાર કર્યો ને માન આપ્યું.

બીજે દિવશે જામરાવળે પંડીતોની સભા કરીને બ્રાહ્મણોની પુંજા કરીને અધ્યક્ષસ્થાને (સોથી મોટે ઠેકાણે) ત્રિકાળદર્શીને બેસાડીને તેના દરદનું કારણ તથા ઉપાય પુછયો. તેનો પ્રત્યુતર બીજા પંડિતોથી મળ્યો નહીં. ને ત્રિકાળદર્શીએ કહ્યું. અહીંથી શુમારે ૨૬—૨૭ ગાઉ ઉપર એક જંગલમાં એક ટેકરો છે તે ઉપર અરણીનું ઝાડ છે. તેને જ્યારે પવનના અચકા લાગે છે ત્યારે તમારા માથા

માં બહુ દરદ થાય છે. તેનો અટકાવ થાય ત્યારે દરદ મટે. જાગરાવળ તથા તેના માણસોને આ વાત અસંભવિત લાગી ને તે જગ્યો દેખાડવાને કહ્યું. ત્રિકાળદર્શીએ તે વાતની હા કહી, ને રાજા તથા તેના માણસો તથા પંડિતોને લેઈ જંગલમાં ખાડાની ઉપર જ્યાં અરણીનું ઝાડ હતું ત્યાં આવ્યા. તે અરણીનું ઝાડ દેખાડ્યું તે વખત પવન નહોતો તેથી રાજાને દુઃખ થતું નોહોતું. જામે કહ્યું. આ વાતની વિશેષ ખાત્રી કેમ થાય. ત્રિકાળદર્શીએ ઉભા થઇ તે અરણીનું ઝાડ ખુબ જોરથી હલાવ્યું તેથી રાજાના માથામાં ઘણીજ પીડા થઇને રાડ નાંખી. તેથી બધાઓને એ વાત નક્કી થઇ. રાજાએ તેનું કારણ પુછ્યું ત્યારે ત્રીકાળદર્શીએ ઉપરની વાત જાહેર કરીને કહ્યું કે તમારો શિવજીના પ્રતાપથી મોટો જય થશે ને આખો દેશ તમારો થશે માટે હવે નિચેની તુંબલીને કાંઇ હરકત ન થાય તેમ આ ઝાડને કાપી નાંખો એટલે તમારૂં દરદ મટશે. એ રીતે જામ રાવળે કર્યું. ત્રિકાળદર્શીને ઘણું દ્રવ્ય આપીને રજા આપી ને માથાની તુંબલી લઇને જામરાવળ નગર આવ્યા. એક ઓરડામાં માથાની તુંબલી રાખી તેની પુજા તથા ધુપ દીવો કરવા લાગ્યા.

જ્યારે મોશમ પાકી ને દરબાર ભાગના અનાજનાં ગાડાં આવવા લાગ્યાં ત્યારે એક ખેડુએ પોતાના બળદ આ ઓરડા આગળ બાંધ્યા. દાણા નાંખી ગાડું જોડી ખેડુત પોતાને ગામ ગયો. જામરાવળ ત્યાંથી નિકળ્યા, ત્યારે ઓવાને એવા બે બળદ બાંધેલા જોયા. એટલે ખેડુ બળદ ભુલીને ચાલી ગયેલો જાણી માણુસ સાથે બળદ મોકલી દી-

થા. એ કુતની પાસે લઇ જતાં તેણે કહ્યું કે હું મારા બળદ લાવેલો છું એટલે તે માણસો એ કુનને તેડી બળદ પાછા લાવ્યા. ત્યાં આવ્યા, ને વળી જુએ છે તો બીજા બે બળદ બાંધેલા જોયા, એ જોઈને રાજા અચરજ પામ્યા, ને ફરીથી ત્રિકાળદર્શીને બોલાવી તેનું કારણ પુછ્યું. ત્રિકાળદર્શીએ કહ્યું કે મહાદેવ તમને પ્રસન્ન થયા છે, માટે તમે તેની સ્થાપના કરો, ને તુંબડીને વિધિ સહિત અગ્નિ સંસ્કાર કરો. જામરાવળે તેમ કર્યું, અને એ ટેકરી ઉપર તે ત્રિકાળદર્શી બ્રાહ્મણ પાસે પ્રતિષ્ટા કરાવી એ ઝાડના ઉપર મહાદેવની સ્થાપના કરી તેનું નામ જડેશ્વર પાડ્યું, ને ત્રિકાળદર્શીએ કહ્યું કે તમારા બે ઘોડા લાવી આંહીં બાંધો, ને એક પહોર પછી છોડી લીયો. રાજાએ તેમ કર્યું, ને એક પહોર પછી ઘોડા છોડી લીધા તો બીજી વાર તેહેવાને તેહેવા ઘોડા તેજ જગ્યાએ બાંધેલા દીઠા. એ પ્રમાણે ઘણી વાર કરતાં જેમ ઘોડા છોડતા જાય તેમ બીજા બાંધેલાતે. યારજ હોય. તેથી જામરાવળે તે ઘોડા ભાટ ચારણોને દાનમાં આપવા માંડ્યા. તેથી જામની કિર્તી દેશો દેશ ફેલાણી, ને બીજા ઘોડાઓની એક ફોજ જમાવી આખો હાલાર પ્રાંત ફતેહ કરી જીતી લીધો, તેથી ઉપર લખેલો દેશી દુહો ચારણ ભાટ તેમજ બીજા માગણ લોકોએ કહ્યો. ને અદ્યાપિ પર્યંત પણ એ બોલાય છે.

દિન દિન પ્રત્યે જામની ચડતી જડેશ્વરના પ્રતાપથી વિશેષ થવા માંડી., ત્યાર પછી કેટલેક દહાડે ત્રિકાળદર્શીને તેડવા જનાર માણસોએ જામને કહ્યું કે, ત્રિકાળદર્શી એ

ઘણોજ ભણેલો છે ને આબરૂ વાળો છે, પણ તેની બાઈડી રોજનાં તેને પાંચ ખાસડાં મારે છે. એ વાત સાંભળીને જામે ત્રિકાળદર્શીને તેડાવ્યો ને હાથ જોડીને કહ્યું કે, મહારાજ, આપને એક અગત્યતાનું કારણ પુછવું છે, તે આપ કહો તો પુછું; તે સાંભળી તે ત્રિકાળદર્શીએ ખુશીથી પુછવાને કહ્યું, જામે વિનય પુર્વક હાથ જોડીને પુછ્યું. મહારાજ આપને આપની સ્ત્રી રોજનાં પાંચ ખાસડાં મારેછે તેનું કારણ શુ? ત્રિકાળદર્શીએ તેનું કારણ નિચે પ્રમાણે કહ્યું કે, પુર્વ જન્મમાં હું કાગડો હતો, ને મારી સ્ત્રી ઘોડી હતી. ઘોડીને બાહું પડયું હતું, ને ઘણુંજ લોહી નિકળતું હતું, તે ઘોડી એક દિવશે ગંગા તીરે ચરતી હતી. કાગડાની જાત પ્રમાણે તે ઘોડીનું બાહું હું ઠોલતો હતો, તેથી તેને વિશેષ દુઃખ થવા લાગ્યું. એક દિવસે તે ઘોડીને મેં વિશેષ ઠોલવા માંડયું, તેથી ઘોડી ગભરાણી ને ઉદકા મારવા માંડી, તેણે મને હાંકી કાઢવાને પુંછડાવતી ઉડાડવા ને ઘણી મહેનત કરી, ને છેવટ ઘોડી ઉદકવાથી હું અને ઘોડી બંને ગંગાજીમાં પડીને મરણ પામ્યાં. ગંગાજીના પ્રતાપથી હું ત્રિકાળદર્શી બ્રાહ્મણ થયો, ને એ બ્રાહ્મણી થઇ. ને મારી સ્ત્રી થઈ. મેં તેને જે દુઃખ આપેલ છે તેને માટે તે મને ખાસડાં મારેછે, જામ રાજાએ તે સાંભળીને ત્રિકાળદર્શીને કહ્યું કે, મહારાજ હવે તેનો કાંઇ ઉપાય કૃપા કરીને કહો તો સારૂં. તે સાંભળી ત્રિકાળદર્શીએ કહ્યું કે તેનો ઉપાય એ છે કે, મેં ઘોડીનું જેટલું લોહી પીધું હતું તેમાંનું સવાપાશેર લોહી બાકી છે માટે સવાપાશેર લોહી કોઇ રીતે તેના પેટમાં

જાય તો પછી તેની બુદ્ધિ પુણ્યવાન થાય, તે કેમ બને ? તેનું કારણ ફરી રાજાએ પુછતાં ત્રિકાળદર્શીએ કહ્યું કે મારા શરીરમાંથી સવાપાશેર લોહી કાઢીને તેને કોઇ પણ પ્રકારથી ખવરાવો એટલે તેની બુદ્ધિ પુણ્યવાન થશે.

એ રીતે જામ રાજાએ વાત સાંભળીને રૂબડી મુકનારને બોલાવીને ત્રિકાળદર્શીના શરીરમાંથી સવાપાશેર લોહી બરાબર તોળીને કઢાવ્યું. ને તેમાં ચોખા ભીંજવીને સુકવીને તઈયાર રાખ્યા, તથા ઘરેણ રથ મોકલીને ત્રિકાળદર્શીની સ્ત્રીને તેડાવી, ને તેને કહ્યું કે તમને અમે નગરમાં ઓરડાં તથા ગરાસ આપી રાખવાના છીએ, એ પ્રમાણે ત્રિકાળસ્ત્રીની નગરમાં રહી. ને તેને રહેવાને માટે ઘર આપ્યું, ને રાંધવાને માટે બ્રહ્મણ રાખ્યો. ત્રિકાળદર્શીને જડેશ્વર વરણ કરવાનું છે, એમ કહીને મોકલ્યો. પાછળથી રસોઈઓ બાહ્મણ રોજ પેલા ભીંજવેલા ચોખા ખવરાવતો જાય. એ પ્રમાણે ચોખા ખાઇ રહ્યા પછી તુરતજ બીજે દિવશે જ્યારે તે પુજાપાઠ કરવા બેઠી, ત્યારે તેના અંતરમાં એકદમ ત્રાસ પડયો, ને ફીકર કરવા માંડી; ને બોલવા મંડી કે,

મારે મારા પતિને હરેક પ્રકારે બધી રીતે માન આપવું જોઇએ. સ્ત્રીને પતિ છે તે વિશ્નુ રૂપ છે, પુરૂષ ઇશ્વર ભક્તિવડે પુણ્યવાન થાય છે, ને સ્ત્રી પતિ ભકિતવડે પુણ્યવાન થાય છે, સ્ત્રી ગમે એટલાં તપ, વ્રત કે પુજા કરે. ને ગમે એટલો આચાર પાળે, ને દાન આપે, તથા વિવિધ પ્રકારથી ધર્મ પાળે. પણ જો તે સ્વામી ભકિતમાં નિપુણ

રહે નહીં તો તે સર્વે વ્યર્થ જાય છે, તો આજ સધીમાં મેં જે જે ધર્મો કરયાં તે ફોગટ ગયાં; કારણ કે મારા જે પતિ તેને મેં અસહ્ય દુઃખ આપેલું છે, એવી રીતે કહીને રોવા લાગી, ને ઘણો પશ્ચાતાપ કરવા મંડી ગઇ. તે સાંભળી આ-જુ બાજુઓનાં ઘણાં માણસોએ આવીને પૂછવા માંડયુ, તેણે કોઇને કશો પણ ઉત્તર આપ્યો નહીં એટલામાં રાજા તથા રાણીઓને ખબર પડતાં તે દોડી આવ્યાં. રાજા તથા રાણી-ઓએ પણ ઘણા ઉચાટ કરવા માંડયાં, ને એકાએક આ શું થયું તેનું કારણ ત્રિકાળદર્શીની સ્ત્રીને તુરત કહેવાનું કહ્યું. તે સાંભળી તે કાંઇ નહીં બોલતાં મુરછા ખાઈ ભોંય ઉપર પડી. રાણીઓએ તેને ખોળામાં લઇને પછી આસના વાસના કરી શાંન્ત પાડીને ઘણીજ હિમત આપી. ને યુકિત્તથી તેનું કારણ પુછયું ત્યારે બાઇએ કહ્યું, અરે બાઈઓ, હું શું કહું. મારી જીભ ઉપડતી નથી, મેં માણુસ દેહ ધરીને મારી ઉંમર ફોકટમાં કાઢી. હું પથ્થર સરજ્યો હોત તો કોઇપણ સારા ઉપયોગમાં આવત, મેં મારા સ્ત્રી ધર્મમાં ભુલ કરીછે. તેમજ મેં દાન પુન્ય વરત વિગેરે અનેક ધર્મો તથા પતિ ભકિતમાં બરાબર રહી છું, પણ એક કામ જે કોઇ પણ વેરી ન કરે તેવું મેં કરેલું છે, એમ કહેતાં તેની છાતી ભરાઈ આવી, ને બોલી કે બાઇઓ. તમે મને સાધવી સ્ત્રી જાણો છો, પણ એ મહોટી તમારામાં ભુલ છે. હું છેક નિચ ચંડાલણી ને પાપીષ્ટ છું, મેં જેવું કામ કરેલ છે તેવું કામ હલકામાં હલકી સ્ત્રી નહીં કરે, મેં મારો સ્ત્રી ધર્મ ખોયો છે તેની શિક્ષા ધર્મનો બેલી ઇશ્વર કરયા વિના રહે-

જ નહીં, હવે તે પાપ છાનું રાખવું શું કામનું. તે પાપ તમે બધા જાણતા નથી પણ પરમેશ્વર તો જાણે છે. મેં મારા સ્વામીને નિરદોશ છતાં ખાસડાં મારેલ છે, મને હજારો વાર ધિઃકાર છે. હું મારાં કુકર્મોને અફસોસ કરૂં છું, તોપણ મારૂં અતઃકરણ શાન્ત થતું નથી. હવે તમે સૌ સૌને ઘેર જાઓ, ને હું આજથી અનઃસયન વરત (ખાવુંપીવું) બંધ કરૂં છું, ને એવી રીતે તે વરત કરી મારા પ્રાણને ઘાત કરીને મુકત કરીશ તેથી મને જમના દુત મારા અપરાધનું ફળ તુરત આપશે ને મને શિક્ષા કરશે, તે હું ભોગવીશ તેથી મારૂં અતઃકરણ શાન્ત થશે.

આ વાત સાંભળીને રાજાએ બધી રાણીઓને જવાનું કહ્યું, તેઓ બધી શોકાતુર થતી ગઇ. રાજાએ તેનું કારણ સમજીને એક માણસને મોકલી જડેસ્વરથી ત્રિકાળદર્શીને તેડાવ્યો, ને સ્ત્રીની બધી વાત કરીને કહ્યું. તારી સ્ત્રી સાત દિવસ થયાં અનઃશયન વરત કરે છે. તે જો મરશે તો મને સ્ત્રી હત્યાનું પાપ લાગશે માટે તમારે તાકીદથી તેના પ્રાણ બચે તેમ કરવું જોઇએ.

બ્રાહ્મણે સ્ત્રીને ઘણી સમજાવી તોપણ તેણે ઘણી હઠ લીધી ને માને નહીં. તેણે કહ્યું કે મેં એક પાપ તો કર્યું છે વળી બીજું પાપ વરતભંગ કરૂં તો મારી શી ગત થાય. ત્રિકાળદર્શીએ કહ્યું તમે ભુલ કરો છો. માટે વિચાર કરો.

પતિની આજ્ઞા માનવી એ સ્ત્રીનો ધર્મ છે. તમે જે અનઃશયન વ્રત કરો છો તેનું કારણ શું? સ્ત્રીએ કહ્યું કે એ

મારો નિશ્ચય છે. હું કાંઇ ભુલતી હોઊં તો તમે કહો તે પ્રમાણે કરવાને તૈયાર છું. મારા શરીરમાં જ્યાં સુધી પ્રાણ હશે ત્યાં સુધી આપની આજ્ઞા કદાપિ ઉલંઘન નહીં કરૂં. તમારી આજ્ઞા માનવી એ મારો ધર્મ છે તેમાં કસુર કરૂં તો મેં જે પાપો કર્યાં છે તેમાં વધારો થાય. ને યાવત ચંદ્ર દિવાકરો સુધી નરકમાં દુઃખ ભોગવનારી થાઊં તે દુઃખનો પછી ઉધાર થાયજ નહીં, ત્યારે તેણે કહ્યું કે તમને મારી આજ્ઞા છે ને સત્યધર્મને અનુસરીને કહું છું કે તમે તમારૂં આત્મઘાત કરનારૂં અનઃશયન વ્રત કરવું મુકી દીઓ ને ખરા ધર્મને અનુસરો. સ્ત્રીનું અંતઃકરણ શુદ્ધ થયું હતું તેથી તેણે કહ્યું કે તમારી અજ્ઞાને તાબે છઊં, તમે મને બોધ કરી મહાભારત પાપથી મુકાવી. સ્ત્રીએ અનઃશયન વ્રત મુકયું તે દિવસથી સ્વામી ભક્તિ તથા પતિવ્રતા ધર્મ પાળી બંને સુખી થયાં.

જડેશ્વરની ઉત્પતિ જામરાવળના વખતમાં સંવત ૧૫૪૦ માં છે. તેના મંદીરનું ઇંડું સંવત ૧૮૬૯ માં મુકેલ છે. તેની બારીનાં પગથાઆં શેઠ સુંદરજીએ સંવત ૧૮૩૩ માં કરયાં છે.

જડેશ્વરનું દેહેરૂં તથા બીજી જગ્યા બેહેચરાજી માતાજીની છે તેમાં જડેશ્વરની ઉપજ અતિત લે છે ને બેહેચરાજી માતાની ઉપજ બ્રહ્મચારી લે છે. હાલમાં તેની ઉપજનો હિસાબ વાંકાનેર દરબારમાં જમાં થાય છે. વાંકાનેર દરબારની દેખરેખ નીચે આવવા પછી તેમાં ઘણો સુધારો વધારો હાલના મેં રાવબહાદુર સ્ટેટ કારભારી સાહેબ ગણપતરાવ

નારાયણરાવ લાડે કરેલો છે. તેઓની ધર્મ ઉપર આસ્થા સારી છે. તેમનાં પત્નિ વહુ સાહેબ જે હાલ દેવલોકને પામેલ છે. તેમનો તે સ્ત્રી ઉપર અત્યંત પ્રેમ ભાવ હતો. જડેશ્વરની જગ્યાને ફરતો કોટ કરેલ છે. તથા. તેનાં રાંધવાનાં તેમજ બીજાં મકાનો પણ સોહ્ય પડતાં છે જડેશ્વરની માનતા કાઠિયાવાડ ઉપરાંત ગુજરાત તેમજ મુંબઈ સુધીના ઘણા માણસો રાખે છે. શ્રાવણ માસમાં ત્યાં હજારો પુજારીઓ પરગામથી પુજાને માટે આવે છે તેનું ફળ કાઠિયાવાડમાં ઘણે ભાગે પ્રત્યક્ષ જોવામાં આવે છે.

સંપુર્ણ.

શિવ શક્તિની આરતી.

જે આદ્યા શક્તિની મા, જે આદ્યા શક્તિ;
અખંડ બ્રહ્માંડ નિપાવ્યા, પડવે પંથક મા.
જયો જયો મા જગ દંબે. ૧

દ્વિતિયા બે સ્વરૂપ, શિવ શક્તિ જાણું મા;
બ્રહ્મા ગુણ પતિ ગાઉં, હરિ ગાઉં હરિ મા. જયો જયો. ૨
તૃતિયા ત્રણ સ્વરૂપ, ત્રિભુવનમાં બેઠાં મા;
ત્રયરથકી તરવેણી, તુંતુર વેણી મા. જયો. જયો. ૩
ચતુરા મહાલક્ષ્મીજી, સચરાચર વ્યાપ્યાં મા;
ચાર ભુજા ચૌદશા, પ્રગટયાં દક્ષિણમાં. જયો. જયો. ૪
પંચમી પંચ રૂષી, પંચમ ગુણ પદ્મા મા;
પંચ તત્વ ત્યાં સોહિયે, પંચે તત્વે મા. જયો. જયો. ૫
ષષ્ઠી તું નારાયણિ, મહિષા સુર માર્યો મા;

નર નારીને રૂપે, વ્યાપ્યાં સઘળે મા; જયો. જયો. ૬
સપ્તમી સપ્ત પાતાળ, સાવિત્રી સેના મા;
ગૌ ગંગા ગાયત્રિ, ગૌરી ગીતા મા. જયો. જયો. ૭
અષ્ટમી અષ્ટ ભુજા, આદ્ય આનંદી મા;
સુરવર મુનીવર જનમ્યા, દેવ દૈત્યો મા. જયો. જયો. ૮
નવમી નવ કુળ નાગ, સેવે નવ દુર્ગા મા;
નવ રાત્રિનાં પુજન, કીધાં છે બ્રહ્મા મા. જયો. જયો. ૯
દશમી દશ અવતાર, જય વિજ્યા દશમી મા;
રામા રામ રમાડયા, રાવણ રોળ્યો મા. જયો. જયો. ૧૦
એકાદશી અગીયારસ, કાત્યાયનિ કામા મા;
કામદુધા કાળિકા, શ્યામા ને રામા મા; જયો. જયો. ૧૧
બારસ બાળા રૂપ, બહુચરી અંબા મા;
બટુક ભૈરવ સોહિએ, તારયા છે તુજ મા. જયો. જયો. ૧૨
તેરસ તુળજા રૂપ, તું તારૂણી માતા મા;
બ્રહ્મા વિષ્નું સદા શિવ, ગુણ તારા ગાતા મા. જયો. ૧૩
ચૌદશ ચૌદે રૂપ, ચંડી ચામુંડા મા;
માર્કંડે વખાણ્યાં, ગાઈ શુભ કવિતા મા. જયો. જયો. ૧૪
પુનમે પુર્ણ કરી, સ્તંભાવતી નગરી મા;
વસીતે માંહી વખાણી, સુણી કરજો કરૂણા મા. જયો. ૧૫
સંવત સત્તાવન, સોળે તિથિ ભાવે મા;
સંવત સોળે પ્રગટી, રેવાની તીરે મા. જયો. જયો. ૧૬
શિવ શક્તિની આરતી, જે ભાવે ગાશે મા;
ભણે શિવાનંદ સ્વામી, સુખ સંપત્તિ થાસે મા.
જયો જયો મા જાુગ દંબે. ૧૭

શિવજીનો ગરબો.

થયા છો શબ્દ થકી સાકાર. શીવજી શેરિયારે.
મોટા મહા જોગી જટાધાર શીવજી૦
આપે કીધી ઇચ્છા એક, શીવજી શેરીઆરે.
નિર્મ્યાં નામ રૂપ અનેક. શીવજી૦
ઘટઘટ વિશ્વનાથનો વાસ. શીવજી૦
એવણુ ખાલી ન એક અવાસ. શીવજી૦ ૩
બિરાજે જટા જુગમાં ગંગ. શીવજી૦
ગુણવતિ ગિરજા શોભે ગંગ. શીવજી૦ ૪
શીતળ ચંદ્ર ધર્યો છે શીશ, શીવજી૦
સ્વામી સકળ ભુવના ઈશ. શીવજી૦ ૫
તિલક ધન શોભે ત્રીલોચન. શીવજી૦
ઝળમળ ઝળકે પંચવદન. શીવજી૦ ૬
તમને વાપે નહીં વિષ પાન. શીવજી૦
નિરંજન નિલકંઠ ભગવાન. શીવજી૦ ૭
શ્રવણે શોભે કુંડળ સાર. શીવજી૦
વિભુતી રૂંઢ ઉર હાર. શીવજી૦ ૮
દશ ભુજ દીસે દીક્ષણુ નામ. શીવજી૦
કરો છો શેવકનાં શુભ કામ. શીવજી૦ ૯
પિતાક પાણી શ્રુંગી સંગ. શીવજી૦
ત્રિશુળ પાણી છે ત્રીપંખ. શીવજી૦ ૧૦
કરમાં કંકણુ ડમરૂ ડાક. શીવજી૦
ભિક્ષા ભોજન શાકને પાક. શીવજી૦ ૧૧
અદભુત આયુધ તિક્ષણુ સાર. શીવજી૦

કરવા કુટિલ તણો સંહાર. શીવજી० ૧૨
વિભુતિ વાઘાંબર પરિધાન. શીવજી०
બાહાણુ વસ્તિ થકી સ્મશાન, શીવજી० ૧૩
જ્ઞ-તમ ઉપવિત કાળા નાગ. શીવજી०
ગમે છે ગાન તાન રંગ રાગ. શીવજી० ૧૪
નંદી ભ્રંગી નાચે ગાય. શીવજી०
ગાલ વજાડે ઘેલા થાય. શીવજી० ૧૫
શોભે વૃષભતણું વાહન. શીવજી०
ઘમકે ઘુઘરમાળ રતન. શીવજી० ૧૬
ભાવે ભાંગ ધંતુરો ચાવો. શીવજી०
ઇછાએ જાગ જગમાં આવો. શીવજી० ૧૭
ઓળગ કરે અષ્ટ મહાસિદ્ધિ. શીવજી०
બારે દાસિ છે નવ નિદ્ધિ. શીવજી० ૧૮
ભારે સેના ભૈરવ ભુત. શીવજી०
ડાકણુ શાકણુ ને જક્ષ દુત. શીવજી० ૧૯
સોંપ્યા સેવકને ભંડાર. શીવજી०
તમારો કુબેર કામદાર. શીવજી० ૨૦
કરતા કોટિ કોટિ બ્રહ્માંડ. શીવજી०
તમારો અદભુત ખેલ અખંડ. શીવજી० ૨૧
તમારો ખાલી ન પડે ખેલ. શીવજી०
બળે વળિ દિપક તેવણુ તેજ. શીવજી० ૨૨
શોભે શિવ શક્તિનો રાસ. શીવજી०
બહુ વિધ સરખા બારે માસ. શીવજી० ૨૩
વર્ણન કરી ન શકે વેદ. શીવજી०

બ્રહ્મા ઈંદ્ર ન જાણે ભેદ. શીવજી૦ ૨૪
ભુતળ ભાવે પ્રગટયો રાજ. શીવજી૦
કરો છો શેવકનાં શુભ કાજ. શીવજી૦ ૨૫
હેતે હાંસલપુરમાં આવ્યા. શીવજી૦
સાથે પરીવાર સહુ લાવ્યા. શીવજી૦ ૨૬
દરશન દાસલડાંને આપ્યાં. શીવજી૦
દૂખડાં કોટી જન્મનાં કાપ્યાં. શીવજી૦ ૨૭
પુજા અધિક પ્રકારે થાય. શીવજી૦
ભકતો ભાવે કિર્તીને ગાય. શીવજી૦ ૨૮
જમે રમે ત્યાં વિપ્રો વૃંદ. શીવજી૦
કરે છે અષ્ટ પહોર આનંદ. શીવજી૦ ૨૯
ગરબો ગુરૂ પ્રતાપે ગાયો. શીવજી૦
બાડવ વચને ઠીક ઠરાવ્યો. શીવજી૦ ૩૦
હરિ હર શકિત સરખાં જાણો. શીવજી૦
તેમાં અંતર રેપ ન આણો. શીવજી૦ ૩૧
ગરબો શીખે સુણે ને ગાય. શીવજી૦
તેને મનવાંછિત ફળ થાય. શીવજી૦ ૩૨
કીધાં ભીડ ભંજનનાં કામ. શીવજી શેરિયારે.
ચારે જુગમાં ચાલ્યું નામ. શીવજી૦ ૩૩
આપો મુકિતનો ભંડાર શીવજી૦
તમે છો વડા દેવ દાતાર. શીવજી૦ ૩૪
કર્યા પદ પ્રત્યે પાંત્રીસ. શીવજી૦
ગાતાં રીઝયાં ઉમ્યા ઇશ. શીવજી૦ ૩૫
રસીક કહયો રાજનો રાસ. શીવજી૦
જાણો લહુ નાથ નિજ દાસ. સીવજી૦ ૩૬

वांकानेर राज्यस्थाननो इतिहास.

તથા.

ભુગોળ વિદ્યા.

(ખુંદાવિંદ રાજ્ય સાહેબ અમરસિંહજી બહાદુરને અર્પણ કરેલી છે.)

એ નામની ચોપડી અમારા તરફથી છપાઈ બહાર પડશે. તેની અંદર વાંકાનેરનું રાજ્ય સ્થાપનાર રાજ સરતાનજીથી હાલમાં ગાદી ઉપર બિરાજતા ખુ: અમરસિંહજી બહાદુરની બાલ્યાવસ્થા સુધીની સવિસ્તર હકીકત આપેલી છે. ઇતિહાસની અંદર ઝાલાઓની ઉત્પતિ તથા પાટડી ટીલે થયેલા રાજકર્તાઓની વંશાવલી અધાપિ પર્યંત સુધીની વંશાવલી ઘણા લંબાણથી વિસ્તારીને લખેલી છે. તેમજ વાંકાનેર ગાદીથી ઉતરેલા ભાયાતોની વંશાવલી પરીવાર સાથે છે. સંસ્થાનની ભૂગોળવિદ્યા તેમાં વાંકાનેર સેહેરનું વર્ણન તથા તાબાના મહાલવાર ગામ તેની વસ્તિ, ઉપજ, વેપાર સ્ટેટનાં લોકોપયોગી ઠરાવ વગેરે છે. એકંદરે એ ચોપડી વાંચવાથી વાંકાનેરથી અજાણી પ્રજાને પણ પુરત હકીકત માલમ પડે તેવી સંપૂર્ણ નોંધ લેવામાં આવી છે ઉપરાંત પોષ્ટના ધારા તથા રેલવે સબંધી કેટલીક હકીકત છે. આ ચોપડી દરેક પ્રજાએ અવશ્ય ગ્રહણ કરવા જોગ છે. કિંમત ચાર આના પોષ્ટેજ જુદું પડશે. અગાઉથી આશ્રય આપનાર ગ્રાહકોનાં નામ પુસ્તકમાં છપાશે. ગ્રાહક થવાની ઇચ્છા રાખનારે નિચે સહી કરનારની પાસે તાકીદથી નામ નોંધાવી જવાં તા० ૩૧ મી આગષ્ટ સુધીમાં ગ્રાહક થનારના નામ છપાશે બની શકસે તો ખુ: રાજ સાહેબનો ફોટોગ્રાફ આપવામાં આવશે ફોટોગ્રાફવાળી નકલના ૭ આના પડશે ગ્રાહકોના પ્રમાણમાં નકલો છપાશે. માટે મઝકુર તક જવા દેવી નહી.

જાહેર ખબર.

આ ચોપડી નિચે લખ્યે ઠેકાણેથી રોકડી કિંમતે મળસે.

રાજકોટ—કરસન પ્રાણજીવન ઓઝા ઠે. ટ્રેનીંગ કોલેજમાં

હળવદ—વલ્લભરામ નીલકંઠ દવે. રાવળ ફળીમાં

મોરબી—જગન્નાથ હરીશંકર દવે. ગાળાવાળા.

વાંકાનેર—જમાલ કાનજીભાઇ ઠે. ન્યાયાધીશ કોર્ટ.

,, પ્રસિદ્ધ કર્તા ભાઇશંકર પ્રાગજી

વિનંતી.

સર્વે લોકોને ખબર આપવામાં આવે છે કે હાલમાં અમે આર્ય હિતોપદેશ ઓફીસ કાઢેલ છે તે સબંધીમાં કોઇને કાંઇ પુછ-વું હોય તેણે અડધા આનાની ટીકીટ મોકલેથી તેનું ફોર્મ તથા આર્યહિતોપદેશનું હેન્ડબીલ મફત મોકલવામાં આવે છે. તો વગર પૈસે તેનો લાભ લેવા ચુકવું નહિ.

મુ૦ વાંકાનેર }
કાઠિયાવાડ }

સેવક.

કાલીદાસ મોતીરામ દવે.

આર્ય મિત્રમાં નિતી તથા ધર્મ પ્રસાર થવાની ઇચ્છા રાખનાર.